सत्यमेव जयते

**આંક–૦૬**
દાખલ તારીખ– ૧૨/૦૧/૨૦૨૬
રજી. તારીખ – ૧૨/૦૧/૨૦૨૬
ફેસલ તારીખ – ૧૭/૦૧/૨૦૨૬
અવધિ– વર્ષ માસ દિવસ
– – ૦૫

---

# દાહોદ જીલ્લાની બીજી એડિશ્નલ ડિસ્ટ્રિકટ એન્ડ સેશન્સ કોર્ટ, મુ.લીમખેડા, જી.દાહોદ.

---

**ફોજદારી પરચુ. અરજી નં.૧૯/૨૦૨૬**

(૧) અજમેલભાઈ ખીમજીભાઈ મોહનીયા
ઉ.વ.આ.૨૫, ધંધો–ખેતી,
રહે.ઉંડાર, તા.ધાનપુર, જી.દાહોદ.
(૨) બંટી સુરેશ ઉર્ફે સુર્યાભાઈ પરમાર
ઉ.વ.આ.૧૯, ધંધો–ખેતી,
રહે.ધનાર પાટીયા, તા.ધાનપુર, જી.દાહોદ.

**.....અરજદારો**

**વિરુધ્ધ**

શ્રી સરકાર

**......સામાવાળા**

**બાબત – ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી.**

---

**અરજદારો/આરોપીઓ તર્ફે – વિ.વકીલશ્રી એન.કે.પરમાર**

**સરકારશ્રી તર્ફે – વિ.એ.પી.પી.શ્રી એસ.વી.તડવી**

---

**– ચુકાદો –**

(૧) અરજદારોએ હાલની આ અરજી બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબ રજુ કરી તેઓને ધાનપુર પોલીસ સ્ટેશન પાર્ટ–સી ગુના રજી.નં.૧૧૮૨૧૦૧૪૨૫૧૧૧૨/૨૦૨૫, પ્રોહી એકટની કલમ–૬૫(ઈ), ૮૧, ૯૮(૨), ૧૧૬(બી) મુજબના ગુનાના કામે અરજીમાં જણાવ્યા મુજબના જુદા–જુદા કારણોસર નિયમીત જામીન મુકત કરવા વિનંતી કરેલ છે.

(૨) અરજદારોના વિ.વકીલશ્રી એન.કે.પરમારનાએ ભારપૂર્વક રજુઆત કરેલ છે કે અરજદારો તા.૦૭/૦૧/૨૦૨૬ ના રોજ ધરપકડ થયેલ ત્યારથી કસ્ટડીમાં છે. અરજદારો તદ્દન નિર્દોષ છે અને કહેવાતા ગુનામાં ખોટી રીતે સંડોવી દીધા છે. કહેવાતો મુદ્દામાલ અરજદારોના કબજામાંથી મળ્યો નથી. અગાઉ કોઈ ગુનો નોંધાયેલ નથી. અરજદારો કુટુંબના કમાનાર એકમાત્ર વ્યકિત છે. નાસીભાગી જાય તેવા નથી. આ અદાલત ફરમાવે તે શરતોનું પાલન કરવા સંમત હોવાનું જણાવી અરજદારને જામીનમુકત કરવા વિનંતી કરેલ છે.

(૩) વિ.એ.પી.પી.શ્રી એસ.વી.તડવીનાએ ભારપૂર્વક જણાવેલ છે કે અરજદારોએ અન્ય આરોપીઓ સાથે મળી જુદી–જુદી પાંચ મોટરસાયકલો ઉપર ભારતીય બનાવટનો વિદેશી દારુનો જથ્થો કિંમત રુ.૨,૯૩,૨૮૦/– નો લઈ જતા પોલીસને જોઈ મુદ્દામાલ સ્થળ ઉપર મુકી નાસી ગયેલ છે. અરજદારોના સ્થળ ઉપરથી ભાગતા પોલીસના માણસોએ ઓળખેલ છે. અરજદારોના નામજોગ ફરિયાદ છે. અરજદારોને જામીન મુક્ત કરવામાં આવે તો આવી પ્રવૃત્તિ કરનારાઓને વેગ મળે તેમ હોય અરજી રદ કરવા વિનંતી કરેલ છે.

(૪) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવા પ્રકારની છે કે, તા.૧૭/૦૯/૨૦૨૫ ના રોજ દાહોદ એલ.સી.બી. પોલીસ સ્ટાફના માણસો ધાનપુર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી મળેલ કે મધ્યપ્રદેશથી વરઝર બાજુથી પાંચ મોટરસાયકલો ઉપર ઈગ્લીંશ દારુ ભરી ઉંડાર તરફ જનાર છે. જે હકીકતને આધારે બે પંચોને સાથે રાખી વોચમાં ઉભા હતા દરમ્યાન બાતમીવાળી મોટરસાયકલો આવતા ટોર્ચના અજવાળે મોટરસાયકલોને ઉભી રાખવાનો ઈશારો કરતા મોટરસાયકલોના ચાલકો રસ્તાની સાઈડમાં મોટરસાયકલો ઉભી રાખી નજીકના જંગલની ઝાડી ઝાખરાની આડમાં અંધારાનો લાભ લઈ ભાગવા લાગેલ. જેઓને પીછો કરી એક ઈસમને ઝડપી પાડેલ જે પકડાયેલ ઈસમનું નામઠામ પુછતા તેણે પોતાનું નામ મેહુલભાઈ ખીમજીભાઈ મોહનીયા હોવાનું જણાવેલ અને પકડાયેલ પાંચેય મોટરસાયકલો ઉપરથી ભારતીય બનાવટની વિદેશી દારુની કાચ, પ્લાસ્ટી તથા ટીન બીયરની જુદી-જુદી કુલ બોટલો નંગ-૧૨૪૮, કિંમત રુ.૨,૯૩,૨૮૦/- ની મળી આવેલ છે.

(૫) આમ, ફરિયાદની હકીકત જોવામાં આવે તો હાલના અરજદારોની સ્થળ ઉપર હાજરી નથી. અરજદારોના પ્રત્યક્ષ કબજા ભોગવટામાંથી પ્રતિબંધીત મુદ્દામાલ મળી આવેલ નથી. આ કામે આંક-૫ થી રજુ ત.ક.અમલદારનું સોગંદનામું વંચાણે લેવામાં આવે તો હાલના અરજદાર નં.૨ વિરુધ્ધ આવા પ્રકારના બે ગુનાઓ નોંધાયેલ હોવાની હકીકત જણાવેલ છે પરંતુ અરજદારો આ ગુનાની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન હાજર રહેવાની ખાત્રી આપે છે. આ ગુનાની કાર્યવાહી ચાલતા દરમ્યાન લાંબો સમય જાય તેમ છે. સ્થળ ઉપરથી પકડાયેલ આરોપી મેહુલભાઈ ખીમજીભાઈ મોહનીયાને નામદાર ગુજરાત વડી અદાલતે ફોજદારી પરચુ. અરજી નં.૨૦૭૭૧/૨૦૨૫ ના કામે જામીનમુક્ત કરવામાં આવેલ છે તે સંજોગોમાં નામદાર વડી અદાલતના **૨૦૧૧(૩) જી.એલ.આર. ૧૯૯૯, રમેશભાઈ બટુભાઈ ડાભી વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત**ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ હાલના અરજદારો/આરોપીઓને સમાનતાનો લાભ

આપવાની જરુરીયાત જણાતી હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– હુકમ –**

- અરજદાર/આરોપીઓ નં.(૧) અજમેલભાઈ ખીમજીભાઈ મોહનીયા, રહે.ઉંડાર, તા.ધાનપુર, જી.દાહોદ (૨) બંટી સુરેશ ઉર્ફે સુર્યાભાઈ પરમાર, રહે.ધનાર પાટીયા, તા.ધાનપુર, જી.દાહોદનાઓની હાલની અરજી મંજુર કરવામાં આવે છે.
- ધાનપુર પોલીસ સ્ટેશન પાર્ટ–સી ગુના રજી.નં.૧૧૮૨૧૦૧૪૨૫૧૧૧૨/૨૦૨૫, પ્રોહી એકટની કલમ–૬૫(ઈ), ૮૧, ૯૮(૨), ૧૧૬(બી) મુજબના ગુનાના કામે પ્રત્યેક અરજદાર/આરોપી તર્ફે રુ.૧૫,૦૦૦/– (અંકે રુપીયા પંદર હજાર પુરા)ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા આપ્યેથી તેઓને નીચેની શરતોને આધીન બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે જામીનમુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો–**

/૧/ અરજદારો/આરોપીઓએ ફરિયાદ પક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહી કે સાક્ષી પુરાવા તોડવા ફોડવા પ્રયત્ન કરવો નહી.

/૨/ અરજદારો/આરોપીઓએ તપાસના કામે સહકાર આપવો અને તપાસ કરનાર અમલદાર જ્યારે બોલાવે ત્યારે હાજર રહેવું.

/૩/ અરજદારો/આરોપીઓએ ફરીથી આવા પ્રકારના ગુનામાં સંડોવાવુ નહી.

/૪/ અરજદારો/આરોપીઓએ ટ્રાયલ દરમ્યાન નિયમીત રીતે હાજર રહેવું.

/૫/ અરજદારો/આરોપીઓએ તેમના રહેણાંકનું પુરુ સરનામું મોબાઈલ નંબર સાથે લેખીત પુરસીસથી સંબંધીત વિ.જયુડી.

મેજી.ફ.ક. કોર્ટમાં તથા ત.ક.અમલદાર સમક્ષ રજુ કરવું અને હકુમત ધરાવતી કોર્ટની પરવાનગી વગર તેમાં ફેરફાર કરવો નહી.

- જામીન સંબંધીત વિ.જયુડી.મેજી.ફ.ક.કોર્ટ સમક્ષ આપવા.
- હુકમ મુજબ જરુરી યાદી કરવી.

હુકમ આજ તા.૧૭ મી માહે જાન્યુઆરી સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૭/૦૧/૨૦૨૬
સ્થળ – લીમખેડા

(મિનાક્ષી મહેશ સોની)
બીજા એડિશ્નલ સેશન્સ જજ, દાહોદ
મુ.લીમખેડા, જી.દાહોદ
કોડ નં.જીજે૦૦૭૪૦

આર.બી.સોલંકી